# ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું જાહેરનામું

ન.એમએજી/ટ્રાફિક ડાયવર્ઝન/વશી.૬૩૬૮ થી ૬૪૦૨/૨૫
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા.૦૬/૦૮/૨૦૨૫

સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, માંડવી, જી.સુરતની તા.૨૯/૦૭/૨૦૨૫ ની દરખાસ્તથી નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવીના તા.૨૮/૦૭/૨૦૨૫ ના પત્રથી "૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૫" ની ઉજવણીનું સ્થળ ઉમરપાડા-ઘાટા રોડ કિ.મી. ૦/૦ થી ૮/૦૩ ચે.૦/૦ થી ૦/૫૦૦ કિ.મી. રસ્તા ઉપર નક્કી થયેલ હોય, જે અન્વયે ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં લઈ, નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવીના તા.૨૮/૦૭/૨૦૨૫ ના પત્રથી રસ્તાનાં ડાયવર્ઝન આપવા માટે ઉમરપાડા-બિલવણ-વડપાડા રોડ કિ.મી.૦/૦ થી ૧૪/૮૮ (ઉમરપાડા મામલતદારશ્રીની કચેરી જુના ઉમરપાડા ત્રણ રસ્તા પાસે જોડતો માલ્ધા ખાંડ ઉમરપાડા ચવડા રોડને જોડતો રસ્તો) તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૧૧/૦૮/૨૦૨૫ ઉપરોક્ત વિગતે ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે જરૂરી કાર્યવાહી થવા વિનંતી કરેલ છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૦૬/૦૮/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

| ક્રમ | ડાયવર્ઝનની વિગત | ડાયવર્ઝન આપેલ રૂટ |
|---|---|---|
| ૧ | ઉમરપાડા-ઘાટા રોડ કિ.મી. ૦/૦ થી ૮/૦૩ ચે.૦/૦ થી ૦/૫૦૦ કિ.મી. રસ્તા પર આવવા-જવા માટે | ઉમરપાડા-બિલવણ-વડપાડા રોડ કિ.મી.૦/૦ થી ૧૪/૮૮ (ઉમરપાડા મામલતદારશ્રીની કચેરી જુના ઉમરપાડા ત્રણ રસ્તા પાસે જોડતો માલ્ધા ખાંડ ઉમરપાડા ચવડા રોડને જોડતો રસ્તો) |

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવી, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંને ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તા. ૦૬/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સત્યમેવ જયતે
સુરત
SURAT

(વિજય રબારી)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

પ્રતિ,

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, અઠવાલાઈન્સ, સુરત તરફ.
૨. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., નવાગામ, સુરત.

૩. પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., સુરત.

૪. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

૫. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.

૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત(ઉત્તર)/સીટી પ્રાંત (દક્ષિણ)/ ઓલપાડ/ કામરેજ/ બારડોલી/માંડવી, જિ.સુરત તરફ.

૭. મુખ્ય કારોબારી અધિકારી, સુડા ભવન, વેસુ-અભવા રોડ, વેસુ, સુરત

૮. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી,
ચોર્યાસી/અબ્રામા/ઓલપાડ/કામરેજ/પલસાણા/બારડોલી/મહુવા/માંડવી/માંગરોળ/ઉમરપાડા, જિ.સુરત તરફ.

૯. મામલતદારશ્રી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, સુરત

૧૦. કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ, વિભાગ-૧, સુરત.

૧૧. કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ, વિભાગ-૨, સુરત.

૧૨. કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ, પંચાયત વિભાગ, સુરત.

૧૩. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડીયા, ચોથો માળ, ડ્રીમ સીટી, DCL ઓફિસ બિલ્ડીંગ, ગામ-ખજોદ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.

૧૪. જિલ્લા સરકારી વકીલશ્રી, જિલ્લા ન્યાયાલય, સુરત.

૧૫. નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવી, સુરત-૩૯૪૧૬૦.

નકલ જયભારત સહ રવાના :-

૧. સંયુકત માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, સુરત તરફ.
૨/- સ્થાનિક અખબારોમાં જાહેર જનતાની જાણ સારૂં પ્રસિધ્ધી અર્થે.

૨. મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા તરફ.
૨/- ગેઝેટમાં પ્રસિધ્ધી આપી તેની નકલો મોકલવા વિનંતી છે.

નકલ સવિનય રવાના :-

૧. અધિક સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર તરફ.

૨. રજીસ્ટ્રારશ્રી, નામ. ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ તરફ.

૩. પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરત તરફ.

૪. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજશ્રી, સુરત તરફ.